ગાંધીનગર સમાચાર

તા. ૨૮-૬-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### રાજકારણીઓનો શતમુખ વિનિપાત

ગંગોત્રીમાંથી નીકળતી ગંગા કોઇ પણ શ્રદ્ધાવાન હિંદુને મન ભગીરથ એના પૂર્વજોના મોક્ષ માટે પૃથ્વી પર ઉતારેલી દેવનદી - સૂરસરિતા છે. સ્વર્ગમાંથી એનું પૃથ્વી પર અવતરણ થયું તે પછી પહેલાં એને શિવજીએ જટામાં ઝીલી, તે પછી એ સતત નીચે ઉતરતી જ ગઇ, અને જેમ જેમ આગળ વધતી ગઇ તેમ વધુ ને વધુ ખરડાતી ગઇ. છેક ગંગાસાગર સુધી પહોંચતાં સુધી તો એનામાં એટલી બધી ગંદકી ભળે છે કે એ 'ગંગા' રહેતી જ નથી. કવિઓએ ગંગાના આ 'શતમુખ વિનિપાત' ના દૃષ્ટાંત દ્વારા આખરે એક જ સંદેશ આપ્યો છે : વિવેક ચૂકી જનારનો શતમુખ વિનિપાત નિશ્ચિત છે. આપણા નેતાઓ આવા જ અધ:પતનનો ભોગ બનતા રહ્યા છે. કયાં ગાંધી-સરદાર અને નહેરૂના આદર્શો અને કયાં આજનાં કઠોર યથાર્થ! બે વચ્ચે જોજનોનું છેટું પડી ગયું છે. પોતાનાં ટૂંકા ગાળાનાં હિતો સાચવવા આ નેતાઓ કૂતરાં બિલાડાંની જેમ ઝઘડતા રહે છે. એકબીજાની વિરૂદ્ધ કાદવ ઉછાળતા રહે છે. રાજકારણીઓનો એક માત્ર ઉદ્દેશ હરહંમેશ યેનકેન પ્રકારેણ લાઇમલાઇટમાં રહેવાનો હોય છે. એમને કદાચ એકાદ ટંક ભોજન નહીં મળે તો ચાલશે પણ પ્રસિદ્ધિ વગર એમની નસો તૂટવા લાગશે. આ પ્રસિદ્ધિના અમર કસુંબા ઘૂંટવામાં એમને નથી નડતી પદની ગરિમા કે નથી આડા આવતા માનવીય સંબંધો. ઉત્તરાખંડની કરૂણાન્તિકાનો પણ એમને મન કોઇ જ મલાજો નથી. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડ જઇને બારોબાર કેદારનાથ મંદિર સંકુલના પુન:નિર્માણ માટેની ઓફર કરી દીધી. એક જ દિવસ દરમિયાન પંદર હજાર યાત્રાળુઓને સલામત રીતે બહાર કાઢવાની વાત કોઇએ ઉપજાવી કાઢી હોય તો પણ એ કેટલી હાસ્યાસ્પદ છે! અસરગ્રસ્તોને મદદ પહોંચાડવામાં પાછો પોતાનો સંદેશો અને ફોટો તો સામેલ કરવો જ પડે! ઉત્તરાખંડના મુખ્યમંત્રીને ગુજરાતના મુખ્યમંત્રીની મદદ નકારવી પડે છે તે કેવી વિડંબના છે! હવે એ 'નકાર'નું પણ સામસામું રાજકારણ ખેલાશે. બહુગુણામાં ગાંધી-નહેરૂ પરિવાર પ્રત્યેની અક્ષુણ્ણ વફાદારીનો એક જ ગુણ નોંધપાત્ર છે : એ રાહુલ ગાંધીને રોકી કે ટોકી શકતા નથી. બાકીના નેતાઓને ઉત્તરાખંડમાં ઊતરતા જરૂર અટકાવી શકે છે! આવા સંકટ કાળમાં વળી વહાલાંદવલાં કેવાં? પરંતુ કહેવત છે તેમ ઘૂંટણ વળશે તો પેટ તરફ જ! એ જ મુદ્દે મોદીની એમના પરમ શુભેચ્છક શિવસેનાપતિ ઉદ્ધવ ઠાકરે સહિત અનેક રાજકારણીઓએ ખુલ્લંખુલ્લા ટીકા પણ કરી હતી. આવા સમયે મુખ્યમંત્રીઓ પોતપોતાના રાજય પૂરતી બચાવ કામગીરીની દુનિયાએ દહેરાદૂન એરપોર્ટ પર સિનિયર નેતાઓ વચ્ચે થયેલી છૂટા હાથની મારામારીનાં દૃશ્યો 'માણ્યાં' તે શું સૂચવે છે? તેલુગુ દેશમ્‌ના વડા અને આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ડો. ચંદ્રાબાબુ નાયડુની હાજરીમાં જ એમનાં પક્ષના એક સાંસદ કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ હનુમંત રાવ સામે ગાળાગાળી અને ઝપાઝપી કરવા લાગ્યા. બેઉ માટે આંધ્ર પ્રદેશના ફસાયેલા યાત્રાળુઓને પોતપોતાના વાયુયાનમાં બેસાડવા એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહ્યો હતો. દેખીતું છે કે બેઉને સસ્તી લોકપ્રિયતા અને પ્રસિદ્ધિ જોઇતી હતી. યાત્રાળુઓ કોઇ પણ વિમાનમાં બેસીને હૈદરાબાદ જ પહોંચવાનાં હતા. પરંતુ બેઉ પ્રતિસ્પર્ધી રાજકીય પાર્ટીઓ જશ ખાટવાના મુદ્દે ઝઘડી પડી. એમાં સાંસદ પદની ગરિમા પણ ન પડી કે, બેઉં નેતાઓ આખરે તો આંધ્રપ્રદેશના હોઇ એક જ રાજયના હતા તે 'માટીની સગાઇ' પણ આડે ન આવી. રાહત કાર્યોમાં ચાલતા આવા કનિષ્ઠ રાજકારણથી આપણા નેતાઓ લોકોની નજરમાં ઘણા નીચા ઉતરી ગયા છે.

# માણેકબા પીટીસી કોલેજનું બીજા વર્ષનું ૧૦૦ ટકા પરિણામ

## કોલેજની બે વિદ્યાર્થીની રાજયમાં અને ૯ વિદ્યાર્થીનીઓ જિલ્લામાં ઝળકી

ગાંધીનગર, તા. ૨૭

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પી.ટી.સી. દ્વિતીય વર્ષનું માણેકબા કોલેજનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. બોર્ડના ૯૫ ટકા પરિણામ સામે અડાલજ પી.ટી.સી. કોલેજની બે તાલીમાર્થીનીઓ રાજયમાં દ્વિતીય અને પાંચમા ક્રમે તથા ગાંધીનગર જિલ્લામાં ૧ થી ૧૦માં સ્થાન પામી છે. માણેકબા પીટીસી કોલેજ, અડાલજની તેજલ સોમાભાઈ પટેલે ૮૯.૩૦ ટકા સાથે સમગ્ર રાજયમાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું અને દિપીકા સુરેશભાઈ પટેલે ૮૮.૫૦ ટકા સાથે રાજયમાં પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગાંધીનગર જિલ્લાના ટોપટેનમાં માણેકબા અધ્યાપન મંદિરની ૧૦ તાલીમાર્થીનીઓએ ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી પરિણામમાં હેટ્રીક સર્જી છે.



કોલેજમાં તાલીમ પામેલી વિદ્યાર્થિનીઓમાંથી ૮૫ તાલીમાર્થી બહેનો ડિસ્ટીંકશન સાથે ઉત્તીર્ણ થઈ છે. જિલ્લામાં ટોપ ટેનમાં માણેકબા પીટીસી કોલજની તેજલબેન પટેલ ૮૯.૩ ટકા સાથે પ્રથમ ક્રમે, દિપીકાબેન પટેલ ૮૮.૫ ટકા સાથે દ્વિતીય, રજનીબહેન વાઘેલા ૮૭.૫ ટકા સાથે તૃતીય, ભૂમિકાબેન પંચાલ ૮૭.૨ ટકા સાથે ચતુર્થ, જાનકીબેન દરજી ૮૭.૧ ટકા સાથે પાંચમા સ્થાને, ગીતાબેન રાઠોડ ૮૬.૬ ટકા સાથે છઠ્ઠો, હેમાંગીનીબહેન પરમાર ૮૫.૫ ટકા સાથે સાતમો, હેતલબેન પટેલ પણ ૮૫.૫ ટકા સાથે સાતમો, રીચાબેન પટેલ ૮૫ ટકા સાથે નવમો નંબર અને ઈન્દુબહેન ખાંટે ૮૪.૯ ટકા સાથે જિલ્લામાં ૧૦મો ક્રમ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે.



### કુમાર એકેડેમી તરફથી નિ:શુલ્ક સેમિનાર

ગાંધીનગર, તા. ૨૭

કુમાર કેરિયર એકેડેમી અમદાવાદ તરફથી જીપીએસસી, યુપીએસસી માટે ફ્રી (મફત) સેમીનાર યોજવામાં આવશે. છે. કુમાર કેરિયર એકેડેમીની નિષ્ણાંત ફેકલ્ટી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન માટે ફ્રી (મફત) સેમીનાર યોજવામાં આવશે. હોલ પર માહિતી પુસ્તિકા પણ આપવામાં આવે છે. એચ.કે. કૉલેજ હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ, તા. ૩૦મી જૂનનાં સવારે ૯ થી ૧૨માં યોજવામાં આવશે.

### કેરાલામાં આઇ.આઇ.એમ. પોસ્ટ ગ્રેજ્યુએટ માટે પાર્થ પ્રવીણભાઇ લીમ્બાચીયાની પસંદગી

ગાંધીનગર, તા. ૨૭

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, કોઝીહીકોડે કાલીકટ-કેરેલા સ્ટેટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ માટે ભરૂચ જિલ્લાનાં ભોલાવના પાર્થ પ્રવીણભાઈ લીમ્બાચીયાની પસંદગી કરવામાં આવી છે.

વર્ષ ૨૦૧૩-૧૫ના સમયગાળા દરમિયાન આ પોસ્ટ ગ્રેજયુએશન કાર્યક્રમમાં પાર્થ લીમ્બાચીયા દ્વારા પ્રવેશ માટેની તમામ જરૂરિયાતોને સક્ષમતાપૂર્વક સંતોષવામાં આવી છે.

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ જેવી સંસ્થામાં પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ માટે પસંદગી પામનારા પાર્થ લીમ્બાચીયાએ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

## સ્ટેટીસ્ટીક્સ ડે નિમિત્તે સ્પીપામાં માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

આંકડાશાસ્ત્રને એક વિજ્ઞાન તરીકે ઓળખ આપનાર જાણીતા આંકડાશાસ્ત્રી પ્રશાંતચંદ્ર મહાલાનોબિસનો જન્મદિન ૨૯મી જૂન 'સ્ટેટીસ્ટીક્સ ડે' તરીકે ઉજવાય છે. આંકડાશાસ્ત્ર દિન નિમિત્તે સ્પીપા, અમદાવાદમાં 'શ્રમ અને રોજગાર વિષયક આંકડા' વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે.

ભારત અને વિશ્વમાં આર્થિક અને યોજનાકીય બાબતોમાં આંકડા ક્ષેત્રના મહત્વને પ્રસ્થાપિત કરવામાં ઉલ્લેખનીય યોગદાન આપનાર તેમ જ આંકડાશાસ્ત્રના વિષયને આગવા વિજ્ઞાન તરીકે ઓળખ અપાવનાર તેવા દેશના પ્રસિદ્ધ આંકડાશાસ્ત્રી સ્વ. પ્રોફેસર પ્રસાંતચંદ્ર મહાલાનોબિસના જન્મદિવસ '૨૯ જૂન'ને પ્રતિ વર્ષે રાષ્ટ્રીય કક્ષાએ 'સ્ટેટીસ્ટીક્સ ડે' તરીકે ઉજવવાનું ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી દ્વારા રાજ્યકક્ષાના 'સ્ટેટીસ્ટીક્સ ડે'ની ઉજવણી આગામી ૨૯ જૂન-૨૦૧૩ના રોજ સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા (સ્પીપા), અમદાવાદ ખાતે અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર, ગુજરાત રાજયના અધ્યક્ષસ્થાને કરવામાં આવનાર છે. આ વર્ષે સ્ટેટીસ્ટીક્સ ડે ના મુખ્ય વિષય તરીકે 'શ્રમ અને રોજગાર વિષયક આંકડા' રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે અગ્રસચિવ આયોજન, આયુક્તશ્રી, રોજગાર અને તાલીમ તેમ જ શ્રમ આયુતશ્રી ઉપસ્થિત રહી પ્રસંગ અનુરૂપ માર્ગદર્શન આપશે. આ ઉપરાંત અર્થશાસ્ત્ર અને આંકડા સંવર્ગના અધિકારીશ્રીઓ, વિષય નિષ્ણાંતો, યુનિવર્સિટીના પ્રાધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ ઉજવણીમાં વિષય અનુરૂપ પ્રેઝન્ટેશન રજૂ કરશે.

## મેડીકલ-પેરામેડીકલમાં પ્રવેશ માટે આજથી ફોર્મનું વિતરણ

અમદાવાદ, તા. ૨૭

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ રાજ્યની મેડીકલ અને પેરામેડીકલ કોલેજોમાં પ્રવેશ માટે આવતીકાલથી ફોર્મ અને બુલકેટનું વિતરણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ એક્સિસ બેંકની શાખાઓમાંથી રૂપિયા ૧૭૦ ભરીને બુકલેટ તેમજ ફોર્મ ખરીદી શકશે જે ૧૯ જુલાઈ સુધી ઉપલબ્ધ બનશે જ્યારે ફોર્મ સ્વીકારવાની કાર્યવાહી ૨૯મી જૂનથી ૨૨ જૂલાઈ સુધી ચાલશે. જો કે હજુ સુધી કેટલી બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે તે સ્પષ્ટતા ન કરાતા વિદ્યાર્થીઓ દ્વિધામાં મુકાયા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ એડમિશન કમિટી ફોર પ્રોફેશન મેડિકલ એજ્યુકેશન કમિટિ ફોર પ્રોફેશન મેડિકલ એજ્યુકેશ કોર્સિસ દ્વારા બેચરલ ઓફ મેડિસીન એન્ડ બેચરલ ઓફ સર્જરી, બેચરલ ઓફ ડેન્ટલ સર્જરી, બેચરલ ઓફ આયુર્વેદ, બેચરલ ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ સર્જરી, બેચરલ ઓફ ફીઝીયોથેરાપી, બેચરલ ઓફ નર્સિંગ, બેચરલ ઓફ એથોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, બેચરલ ઓફ ઓપ્ટિમેટ્રી, બેચરલ ઓફ ઓક્યુપેશનલ થેરાપી, બેચરલ ઓફ ઓપ્ડિયોલોજી એન્ડ સ્પીચ લેન્ગવેજ વિવિધ મેડીકલ અને પેરામેડીકલના અભ્યાસક્રમોનાં પ્રવેશ માટે આવતીકાલથી ફોર્મ અને બુકલેટ વિતરણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ રાજયની એક્સિસ બેંકની શાખાઓમાંથી ૧૭૦ રૂપિયા ભરીને ૧૯ જુલાઈ સુધી ફોર્મ ભરી શકશે. જ્યારે ફોર્મ સ્વીકારવાની કાર્યવાહી અમદાવાદની બી.જે. મેડીકલ સ્થિત પ્રવેશ સમિતિ ખાતે ૨૯ જૂનથી ૨૨ જૂલાઈ સુધી ચાલશે.

આ વર્ષે મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં સુપ્રિમ કોર્ટનાં ચુકાદાને આધીન ગુજકેટની પરીક્ષાના આધારે પ્રવેશ આપવામાં આવશે. જેમાં ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના ચારે સેમેસ્ટરના ત્રણ મુખ્ય વિષય જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાનમાં ચારેય સેમેસ્ટરનાં ૧૨૦૦ માર્કના આધારે કરવામાં આવશે. આ ચારેય સેમેસ્ટરના માર્કને ૬૦ ટકા વેટેજ આપવામાં આવશે જ્યારે ગુજકેટની પરીક્ષાના માર્કને ૪૦ ટકા વેટેજ આપવામાં આવશે.





## કલા ગૂર્જરી સંસ્થા ૨૯મીએ યાદે શમશાદનો સંગીત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરની કલાપ્રેમી જનતા માટે કલા ગૂર્જરી સંસ્થાએ તા. ૨૯મી જૂન ૨૦૧૩ના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહોલ, ગાંધીનગર ખાતે 'યાદે શમશાદ'નું આયોજન કર્યું છે.

કલા ગૂર્જરી સંસ્થા દ્વારા ભારતીય સીને ઉદ્યોગના સૌ પ્રથમ મહિલા પ્લેબેક સીંગર અને પોતાના હલકદાર અને સુરીલા કંઠથી વર્ષો સુધી ચાહકોમાં છવાયેલા સ્વ. શમશાદ બેગમના લોકપ્રિય ગીતોનો કાર્યક્રમ ૨૯મી જૂને ટાઉનહોલમાં યોજાશે. કાર્યક્રમમાં જાણીતા કલાકારો દિપ્તી દેસાઈ, નીરજ પાઠક, મિહીર જાની, શેફાલી અભય અને નયના શર્મા સંગીતકાર અમીન ઠક્કરના સંગીત નિર્દેશનમાં રજૂ કરશે. જાણીતા એનાઉન્સર મોહસીન શેખ કાર્યક્રમની ઉદ્‌ઘોષણા કરશે. કલા ગૂર્જરીના સભ્યો અને આમંત્રિતો માટે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને સભ્ય પદ મેળવી લેવા પ્રમુખ એન.પી. પટેલે અનુરોધ કર્યો છે.

## ઉનાવાની પ્રાથમિક શાળામાં આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામમાં પ્રાથમિક શાળાના બાળકો તેમજ ગામના નાગરિકોને ગામમાં આવતી આપાતકાલિન સ્થિતિને પહોંચી વળવા માટે ગામની ફોર્સ કામે લાગે તેવા ઉમદા આશયથી તાલીમ શાળા યોજવાનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. તેના ભાગરૂપે જિલ્લાના ઉનાવા ગામે આ તાલીમ શાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સ ગાંધીનગર તેમજ આપાતકાલીન વ્યવસ્થા ફોર્સ દિલ્હીના નિર્દેશ અનુસાર ૦૬ બીએન.એનડીઆરએફની ટીમ નંબર ૧૦ના નિરિક્ષક એસ.એસ. સેનીના નેતૃત્વ હેઠળ ૩૫ જવાનોની ટીમ દ્વારા ઉનાવા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ અને ગામના રહિશોને ભુકંપ, પૂર, આગ, ટ્રેન દુર્ઘટના વિવિધ આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા તેમજ પ્રાથમિક સારવાર કેવી રીતે આપવી તેના માટે ટીમના સભ્યો દ્વારા ખુબજ જીણવટભરી માહિતી આપવામાં આવી હતી. આ તાલીમ શાળાના સમાપન પ્રસંગે ઉનાવા ગામના સરપંચ તેમજ સભ્યો દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે આવા તાલીમ વર્ગો અવારનવાર થવા જોઈએ. આનાથી બાળકો પોતે સ્વ નો બચાવ કરી શકે અને અશક્ત લોકોને મદદરૂપ થઈ શકે. વધુમાં ઉનાવા ગામના સરપંચ પિયુષભાઈ પટેલ દ્વારા આવેલા ટીમના સભ્યોને ઉનાવા ગ્રામ પંચાયત તેમજ પોલીસ સ્ટેશનની મુલાકાતે પણ લઈ ગયા હતા.

## શિક્ષીકાએ મહેણું મારતા વાલીઓ ઉશ્કેરાયા

એચ.બી. કાપડીયા સ્કુલમાં ફી વધારા મુદ્દે વિરોધ કરી રહેલ વાલીઓએ આક્ષેપ કર્યો છે કે અમે ફી વધારા મુદ્દે રજુઆત કરવા ગયા હતા ત્યારે વાલીઓએ શાળાના સંચાલકો સમક્ષ રજુઆત કરી હતી કે તમે આટલી બધી ફી વધારશો તો મધ્યમ વર્ગના વાલીઓ તો પીસાઈ જશે. જેમના બે બાળકો છે તેઓ આટલા બધા રૂપિયા ક્યાંથી લાવશે. જવાબમાં શાળાની એક શિક્ષીકાએ કહ્યું હતું કે અમે તમને કહ્યું હતું કે બે બાળકો પેદા કરો. એટલું જ નહીં વિદ્યાર્થીઓએ એવો આક્ષેપ કર્યો હતો કે જ્યારે કલાસરૂમમાં પંખા ચાલતા ન હોય કે બેન્ચ ટુટી ગઈ હોય ત્યારે રજુઆત કરીએ તો શિક્ષકો મહેણાં મારતા કે તમે અનિલ અંબાણીના છોકરા છો કે તમને બધુ વ્યવસ્થિત મળે. આ વાત સાંભલી વિરોધ કરવા પહોંચેલા વાલીઓ ઉશ્કેરાયા હતા. અને મામલો બિચક્યો હતો.

# સંગીતની સેવા ઉપરાંત ધૈર્યશીલભાઇ આર્કીટેક્ટ હોઇ અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનાં મંદિરો તેમજ હોસ્ટેલોની વિના મૂલ્યે ડિઝાઇન તૈયાર કરીને છેલ્લા ૨૫ વર્ષથી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું છે

### ધૈર્યશીલ મધુસૂદન મોહિતે - કૈફિયત કલાસાધકની

- આશા સરવૈયા

વીસમી સદી પુરી થઈ અને એકવીસમી સદીના બાર વર્ષો પણ પસાર થઈ ગયા. સમય એક અખુટ ધારા છે. ગીતકારો, સંગીતકારો, ગાયકો વિ. નો જોટો જડે તેમ નથી. સાયગલ, પ્રદિપજી, પંકજ મલિક, રફી, મુકેશ, તલત , કિશોરકુમાર, મન્નાડે, હેમંતકુમાર વિ. જેવા કલાકારોએ ગાયેલા ગીતો આજે પણ વિસરાતા નથી. દરેકની આગવી વિશિષ્ટતા હતી. દરેકનાં અવાજનો જાદુ અલગ હતો, બધા જ પોતાના વિશિષ્ટ અવાજ માટે સંગીતકાર તરીકે પણ ખુબ સફળ રહેલા. હેમંતકુમાર સ્વભાવે સૌજન્યશીલ અને નિતાંત નિરાભિમાની. હેમંતદાનાં અવાજ પર્વતોમાંથી પસાર થતી નદીઓનાં ખળ ખળ જળ જેવો હતો અને તેમાં ઘાટીઓમાંથી આવતા પડઘાનો પ્રભાવ હતો. તમ-મન ડોલાવતા અવાજના માલિક હેમંતના ગીતોનો ગુંજારવ અજબ છે... હેમંતકુમારના અવાજમાં ગાતા ગાંધીનગરના કલાકાર ''વોઈસ ઑપ હેમંતકુમાર'' - ધૈર્યશીલ મધુસુદન મોહિતેનો પરિચય આજે મેળવીએ.



તા. ૧૭/૭/૧૯૪૮માં વડોદરા ખાતે જન્મેલા ધૈર્યશીલ મોહિતને નાનપણથી જ સંગીતનો શોખ અને લગાવ. તેમના મોટાભાઈ અનિલ મોહિતે એક સારા સંગીતજ્ઞ અને ગાયક હતા. અનિલભાઈનું વડોદરા ખાતે સંગીતગ્રુપ ચાલતું જેમાં મરાઠી ભાવગીતોનાં કાર્યક્રમો રજૂ કરતાં. ધૈર્યશીલભાઈ પણ દરેક કાર્યક્રમમાં જાય અને મોટાભાઈની સાથે મરાઠી ભાવગીતો રજૂ કરતાં. ઘરમાં સંગીતનાં વાતાવરણને કારણે નાની ઉંમરે માત્ર દસ વર્ષની ઉંમરે ધૈર્યશીલભાઈએ સંગીતની દુનિયામાં પ્રવેશ કર્યો.

પ્રાથમિક અભ્યાસ મ્યુનિસિપલ શાળામાં વડોદરા ખાતે. ત્યારતી જ સંગીતના લગાવને કારણે ગીત-સંગીતના કાર્યક્રમોમાં ભાગ લેતા. મોર્ડન હાઈસ્કૂલમાં એસએસસી સુધી અભ્યાસ અને ત્યારબાદ વડોદરામાં જ આર્કીટેક્ચરનો કોર્સ કર્યો.

૧૯૬૯માં ચીફ આર્કીટેક્ટ અને ટાઉન પ્લાનિંગ કચેરી, અમદાવાદ ખાતે આર્કીટેક્ટ તરીકે નોકરી મળી. અને ૧૯૭૦માં આ કચેરી અન્ય સરકારી કચેરીઓ સાથે ગાંધીનગર આવતા મોહિતેભાઈ પણ ૧૯૭૦ એટલે કે ગાંધીનગરની સ્થાપનાથી જ ગાંધીનગર વાસી બન્યાં.

ગાંધીનગરમાં તે સમયે બેઠકોનો દોર ચાલતો. ધૈર્યશીલભાઈ ઓફિસના મિત્રો કિર્પેકરભાઈ, ગિરીશ પટવર્ધન, પ્રકાશ આપ્ટે સાહેબ તથા જયોતિન્દ્ર ભટ્ટ વિ. પણ સંગીતના શોખીન હોઈ ભેગા મળીને સંગીતની બેઠકો કરતા. ભજનો, ફિલ્મી ગીતો વિ. ના સુરો છેડતા અને સંગીતમય વાતાવરણનો આનંદ મેળવતા.

૧૯૭૦ની એક સુંદર સલુણી સાંજે ધૈર્યશીલભાઈ અને મિત્રોએ સાથે મળીને ગાંધીનગરમાં ગણેશોત્સવ દબદબાપૂર્વક ઉજવી શકાય એ માટે ગણેશ ઉત્સવ સમિતિની રચના કરી. ગિરીશ પટવર્ધન, નંદકિશોર ખોપકર આ સમિતિનાં સભ્યો હતા.

૧૯૭૧માં સૌ પ્રથમ ગણેશ ઉત્સવ સમિતિ તરફથી જાહેર કાર્યક્રમોની શરૂઆત થઈ, અને મનોરંજન સમિતિનો કાર્યભાર ધૈર્યશીલભાઈએ સંભાળ્યો. ૧૯૭૧થી આજ સુધી એટલે કે ૪૨ વર્ષથી આ હોદો સંગીતપ્રેમી મોહિતેભાઈ જ સફળતાપૂર્વક સંભાળે છે, અને દર વર્ષે વિવિધતાસભર કાર્યક્રમો ગણેશોત્સવમાં રજૂ કરે છે. સેક્ટર-૨૨ ખાતે ગાંધીનગરના ઉગમકાળથી જ ઉજવાતો ગણેશોત્સવ ગાંધીનગરના સાંસ્કૃતિક ક્ષેત્રનું એક અવિભાજ્ય અને સફળ અંગ બની રહ્યો છે. મોહિતેભાઈ સહિત સૌને ખૂબ અભિનંદન!

૧૯૭૪ માં ધૈર્યશીલ મોહિતે, ગિરીશ પટવર્ધન, નંદકિશોર ખોપકર, પ્રેમ રાજપૂત અને મનુભાઈ ચાવડા (પાંચ મિત્રો) એ મળીને ''યંગ સિંગર્સ ગ્રુપ''ની સ્થાપના કરી અને ગણેશ ઉત્સવમાં કાર્યક્રમ આપીને યંગ સિંગર્સ ગાંધીનગરમાં છવાઈ ગયા.

મોહિતેભાઈ વોઈસ ઓફ હેમંતકુમાર તરીકે તેમના ગીતોની જબરદસ્ત રજૂઆત કરતાં. ''બેકરાર કર કે હમેં યું ન જાઈએ... (બીસ સાલ બાદ), ન યે ચાંદ હોગા... ન તારે રહેંગે (શર્ત), યે રાત યે ચાંદની ફિર કહાં (જાલ), યાદ કિયા દિલને કહાં હો તુમ (પતિતા) વિ. ગીતોની રજૂઆતથી તન મન ડોલી ઉઠતા. ૧૯૭૪ થી ૧૯૮૦ સુધી યંગ સિંગર્સ ગ્રુપે ગણેશ ઉત્સવમાં લોકપ્રિય કાર્યક્રમો રજૂ કરેલ. જેમાં મોહિતેભાઈ સાથે પ્રિમરોઝબેન રાઠો, સુજ્ઞા અને નીલા ધોળકીયા, સુમન ફાટક વિ. કલાકારો ગીતો રજૂ કરીને શ્રોતાઓની દાદ મેળવતા. યંગ સિંગર્સ ગ્રુપની સ્થાપના બાદ બે વર્ષ પછી મહેન્દ્ર વોરા (વોઈસ ઓફ રફી અને અનુપ જલોટા) પણ તેમાં જોડાયા, અને ગાંધીનગરમાં યોજાતી બેઠકો અને કાર્યક્રમોમાં ભજનોનો રસાસ્વાદ પણ પીરસાતો થયો જેથી પવિત્ર ગંગાજળ જેવું વાતાવરણ ખડું થઈ જતું.''

૧૯૭૦ થી ૨૦૧૦ સુધી, સતત ૪૦ વર્ષ સુધી દર વર્ષે ગોકુળ અષ્ટમીના તહેવાર પર ધૈર્યશીલભાઈના ઘરે અચુક કાર્યક્રમ યોજાય જ અને યંગ સિંગર્સ ગ્રુપ (પાંચે મિત્રો) ઉપરાંત ગાંધીનગરના કલાકારો જેમાં લક્ષ્મીચંદ બોરા (બોરા બ્રધર્સ), ચીપલુનકર દાદા, રમણભાઈ પુરોહિત, જીતેન્દ્ર વ્યાસ, પ્રિમરોજ બેન રાઠોડ, બીરેન પુરોહિત, ડૉ. હર્ષે વિ. કલાકારો ફિલ્મી ગીતો, સુમન ગીતો, ઉત્તમ અને સુંદર ભજનો રજૂ કરતા અને કુમાર ગાંધી, નટવર સાધુ, ધર્મેન્દ્ર તપોધન, જશુભાઈ શ્રીમાળી, અરવિંદ વોરા વિ. સંગત કરતાં. ''લાલાના ભાલમાં તિલક સજાવી, આસોપાલવના તોરણ બંધાવીએ, માખણ અને મીશ્રીનો ભોગ ધરાવીએ, લાલાની આરતી ઉતારીએ ને વૈકુંઠનું સુખ ભુલી જઈએ રે... એવો જન્માષ્ટમીનો પવિત્ર માહોલ આ બેઠકોમાં યોજાતો.''

૧૯૭૨માં સ્થપાયેલી 'શિવરંજની' સંસ્થામાં જીતેન્દ્ર વ્યાસના નેતૃત્વ હેટળ ''કોરસ ગ્રુપ'' બનાવ્યું હતું. જેનાં કાર્યક્રમોમાં ધૈર્યશીલભાઈ પોતાના મીઠા કંઠથી ગીતોમાં સુર પુરાવતા.

તે સમયમાં સેકટરોમાં નવરાત્રીના ગરબા થતા. જેમાં સેક્ટર-૨૩ના ગરબામાં મોહનભાઈ ડાભી અને તેમનું ગ્રુપ ગરબા ગવડાવતા. ધૈર્યશીલભાઈ ગરબા ગ્રુપમાં જોડાયા અને મોહન ડાભીનાં ગ્રુપમાં ગરબા ગવડાવતા થયા. દસેક વર્ષ સુધી ગરબાના કાર્યક્રમોમાં મોહિતેભાઈએ ગરબા ગાઈને વસાહતીઓને ગરબે ઘુમાવ્યા હતા.

મોહિતેભાઈએ ગાંધીનગરના નવોદિત કલાકારોને સ્ટેજ મળે અને તેમની પ્રતિભાનો વિકાસ થાય એ માટે ગણેશોત્સવમાં ફિલ્મી ગીત સ્પર્ધા અને દેશભક્તિના ગીતો આધારિત ડાન્સ સ્પર્ધાનું આયોજન શરૂ કર્યું. ૧૯૭૧થી આજ દિન સુધી આ સ્પર્ધાઓ ચાલું છે. જેમાં ગાંધીનગરના ઘણા કલાકારોની કારકિર્દીનો પ્રારંભ થયો એટલું જ નહીં અનેક તજજ્ઞોએ નિર્ણાયક તરીકે સેવાઓ આપીને આ કાર્યક્રમને ઊંચાઈ બક્ષી છે. આમ મોહિતેભાઈએ પોતાની કલાકાર તરીકેની કારકિર્દી સાથે એક કુશળ આયોજક તરીકે પણ સંગીતની ભરપૂર સેવા કરી છે. ગાંધીનગરને આ સ્પર્ધા દ્વારા ઉત્તમ કલાકારો પણ સાંડપ્યા જેમણે ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે. જેનું શ્રેય સંગીતપ્રેમી, અચ્છા ગાયક ધૈર્યશીલ મોહિતેને જાય તે સ્વાભાવિક છે.



સંગીતની સેવા ઉપરાંત ધૈર્યશીલભાઈ આર્કીટેકટ હોઈ અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનાં મંદિરો તેમજ હોસ્ટેલોની વિના મૂલ્યે ડિઝાઈન તૈયાર કરીને છેલ્લા ૨૫ વર્ષથી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું છે.

ધૈર્યશીલભાઈનો પુત્ર મીતેશ અને પુત્રી મનાલી, હાલ પૂના સ્થાયી છે. આથી મોહિતેભાઈ અને તેમનાં સંગીત પ્રેમી પત્ની સુરેખાબેન વધારે સમય પૂનામાં ગાળે છે. પૂનામાં સિનિયર સિટીઝન્સના સંગીતના કાર્યક્રમોમાં મોહિતેભાઈએ હેમંતદાના ગીતોની મધુરી રજૂઆતો કરીને ત્યાં પણ ખુબ લોકચાહના પ્રાપ્ત કરી છે, અભિનંદ અને અનેક શુભેચ્છાઓ...